# પાસે અને દૂર

જે પાસે રહ્યા
તેઓ જ તો સૌથી દૂર રહ્યા :
પ્રેમથી વારંવાર
જે સૌએ ઊઠીઊઠી હાથ અને ઝૂકીઝૂકી પગ પકડ્યા હતા
તે દયાળુ, વત્સલ, સ્નેહીઓ તો
સૌથી ક્રૂર રહ્યા.

જે જતા રહ્યા
હડસેલી હાડકાંપાંસળાં એક કરી ગયા.
પણ જે માટીને
તેમના રોષભર્યા પગ ખૂંદતા રહ્યા,
અને પછી અવહેલનાથી કચડી ગયા,
તેને તેઓ જ અજાણતાંમાં નવું ખાતર આપી ગોડી ગયા.
તેમાં તેઓ જ એક અનોખો અંકુર રોપી ગયા.
– જે જતા રહ્યા,
જે છોડી ગયા,
જે મૂળિયાં કાપી, માટી ઉખાડી, વીણીવીણી ડાળીઓ મચેડી ગયા
તેઓ નહેર ખોદી અનાયાસ
સાગરથી સાગર જોડી ગયા.
મટાડી ગયા અસ્તિત્વ
પણ તેઓ
જીવન મને સોંપી ગયા.

■

## પંખીએ જ કહ્યું

મેં કહ્યું કે,
'પંખી'.
હું જોતો રહ્યો –
પંખી પંખી જ રહ્યું.
ફરીફરી જોયું
ફરીફરી બોલ્યો,
'પંખી'.
પંખી પંખી જ રહ્યું.

પછી – જાણે ક્યારે –
મેં જોયું નહીં :
ભૂલી ગયો હું ક્ષણેક તાકવાનું!
હું કાંઈ બોલ્યો નહીં –
ખોવાઈ ગઈ'તી ક્ષણેક સ્તબ્ધ ચકિત શી વાણી
શબ્દો ગયા'તા વીખરાઈ, ફાટેલી સિંગમાંથી જેમ

ફાટીને ખોવાઈ જાય છે બીજ
અનયના રવહીના ધરતીમાં
થવા અંકુરિત અજાણે –
ત્યારે – જાણે ક્યારે –
પંખીએ જ કહ્યું કે
‘પંખી’.

પંખીએ જોયું
તે પંખી છે
પંખી પંખી નથી રહ્યું ત્યારથી :
હું પણ નથી રહ્યો હું.
કવિ છું!
સાંભળેલું જ કહેવું છે, સ્વર કેવળ સૂનકાર.

ક્યાંક ઘણે ઊંડે
સ્વૈર છે સૌ નિયમ,
સઘળાં સર્જન કેવળ
ખોળો પાથરીને લેવું.

■

## ચક્રાન્તશિલા – વીસ

ઢગલાની ઓટમાં બેઠેલા
બૂઢાને મેં કહ્યું :
મારે મોતી જોઈએ.
તેણે ઇશારો કર્યો :
પાણીમાં કૂદ.
મેં કહ્યું : મોતી મળશે જ, એની શી ખાતરી?
એણે એક મૂઠી રેત લઈ મારી સામે ધરી.
મેં કહ્યું : આમાંથી મળશે મને મોતી?
એણે એક કાંકરો ઉપાડ્યો અને
અન્યમનસ્ક ભાવે મને માર્યો.

મેં બહુ કાળજીથી એ વીણી લીધો
અને કહ્યું : આ જ શું મોતી છે
તમારું?

ધીમેધીમે નમેલું માથું ઊંચું થયું,
મારી તરફ વળ્યું.
સાગર–શી એની આંખો હતી
સદીઓની રેતી પર
ઇતિહાસની હવાઓના લેખન–શી
આંખના ખૂણાની કરચલીઓ હતી.
બોલ્યો તે :

(કેવી એક ખોવાયેલી–શી હવા તે રેતના
ઢગલામાંથી, ઘાસમાંથી સર્પિલ–શી
સરકતી ચાલી ગઈ)
હા :
કે પછી કેમ નહીં?
માટીની અંદર પથ્થર હતો
પથ્થરની અંદર પાણી હતું
પાણીની અંદર મેંડક હતો
મેંડકની અંદર
અસ્થિ હતાં એટલે કે માટી–પથ્થર હતો,
લોહીની ધારા હતી એટલે કે પાણી હતું,
શ્વાસ હતો, એટલે કે પવન હતો,
જીવ હતો – એટલે કે મેંડક હતો.
મોતી જો જોઈએ છે તો
એની ઓળખ જો આ ન હોય
તો બીજી કઈ છે?

■

# ગજાનંદ મુક્તિબોધ (હિન્દી)

અનુવાદ : દક્ષા પટેલ

## રાત્રે, ચાલે છે તારાઓ જ એકલા

રાત્રે, ચાલે છે તારાઓ જ એકલા.
એક નિર્જન પાણીના ખાલી નાળા પાસે
મેં એક જગ્યા ખોદી
માટીના તાજા ઢેખાળા કાઢ્યા
વધારે ખોદ્યું
વધારે ખોદ્યું
શક્તિથી ભરપૂર બંને હાથ ચાલી રહ્યા હતા
સંભળાઈ રહ્યા હતા અવાજ–
ઘણા અપશબ્દ
ભૂંડા અવાજોમાં બોલાતા
ઘૃણાપાત્ર રાતના જાસૂસોના ક્રૂર શબ્દ.
સૂમસામ હતું મેદાન
સળગતું હતું અમારું વિરક્ત ફાનસ,
એક નિર્જન, પાણીના ખાલી નાળા પાસે.
ખોદાઈ ગયેલો ખાડો ખૂબ ઊંડો હતો
ને ખોલીને જોયો ચહેરો એનો
કે જે પોતાના દિલ જેવો હતો
જીગરનો ટુકડો,
પ્રાણનો પરિચય,
આપણી આંખ જેવો આપણો
તે ચહેરો જરા સંકોચાયેલો
પીળો પડી ગયેલો
પોતાના મૃત્યુથી ડર્યા વગર.

તે નિર્જીવ
પણ તેના પર આપણા પ્રાણનો અધિકાર;
અહીં પણ મોહ છે અનિવાર,
અહીં પણ છે સ્નેહનો અધિકાર.

ખાડો બહુ ઊંડો ખોદી
પોતાની ગોદમાંથી
મૂક્યો તેને, પેલી ધરતીની નરમ ગોદમાં
પછી માટી વાળી
ને પછી માટી વાળી
મૂક્યાં પછી તેની પર એક–બે પથ્થર
ઓઢાડી દીધી માટીની શ્યામ ચાદર
અમે જવા લાગ્યા
પણ ઘણી જ ચિંતાથી પાછા વળીને
પાછળ જોઈને
મન કરી દીધેલું શાંત.
પોતાનું ધૈર્ય પૃથ્વીના હૃદયમાં મૂકી દીધેલું
ધૈર્ય પૃથ્વીનું હૃદયમાં મૂકી દીધેલું
એટલો ધરતી પર છે મારો સદા અધિકાર,
જેના ખોળામાં મેં સુવાડ્યો છે પ્રેમ મારો.
આગળ વિરક્ત ફાનસ
પાછળ, અમારી સાથે બે સાથી
કેવળ પગરવના સહારે
રસ્તો ચાલી રહ્યો હતો.

■

## ઘણા દિવસોથી

હું ઘણા દિવસોથી ઘણા દિવસોથી
ઘણી ઘણી વાતો એને કરવા ઇચ્છી રહ્યો હતો
અને કે સાથે–સાથે આમ સાથે–સાથે
પછી વહેવું વહેવું વહેવું
વાદળોના અવાજોથી
ધુમ્મસની ભાષાઓથી
રંગોના પ્રકાશથી જેમ આકાશનો ખૂણેખૂણો
કહી રહ્યો છે ધરતીને
દિલ ખોલી રહ્યો છે  ધરતી પાસે
તેમ ઇચ્છી રહ્યો કહેવા
ઉપમા, સંકેતથી
રૂપકથી, મૌન પ્રતીકોથી.

હું ઘણા દિવસોથી ઘણી ઘણી વાતો
તને કહેવા ઇચ્છતો હતો!
જેમ મેદાનોને આકાશ,
ધુમ્મસની, વાદળોની ભાષા છોડી
બિચારું આકાશ કંઈક
રંગ બદલીને, રૂપ બદલીને કહેતું હતું.

■

## સહર્ષ સ્વીકાર્યું છે

જિંદગી મેં જે કંઈ છે, જે પણ છે
સહર્ષ સ્વીકાર્યું છે;
એટલા માટે કે જે કાંઈ પણ મારું છે
એ તને પણ વહાલું છે.
ગર્વિષ્ઠ ગરીબી આ, આ ગંભીર અનુભવ બધા
આ વિચાર–વૈભવ બધા
આ દઢતા, અંતરની સરિતા, આ અભિનવ બધું
મૌલિક છે, મૌલિક છે
એટલા માટે કે ક્ષણે–ક્ષણમાં
જે કંઈ પણ જાગ્રત છે અપલક છે –
સંવેદન તારું છે!

ન જાણે શું સંબંધ છે, ન જાણે શું નાતો છે
જેટલું પણ ઉલેચું છું, ભરાઈ ભરાઈને પાછું આવે છે,
દિલમાં શું ઝરણું છે?
મીઠા જળનો સ્રોત છે?
અંદર ને ઉપર તું
હસતો ચાંદ જેમ ધરતી પર આખી રાત
મારી પર તેમ તારો જ ખીલેલો પેલો ચહેરો છે!
સાચેસાચ મને શિક્ષા કરો કે ભૂલું હું, ભૂલું હું.

તને ભૂલી જવાનો
દક્ષિણ ધ્રુવી અંધકાર – અમાસ
શરીર પર, ચહેરા પર, અંતરમાં પામી લઉં હું
તરીને હાથપગથી પાણી કાપું, તેમાં જ નાહી લઉં હું
એટલા માટે કે તારાથી જ ઘેરાયેલા રહેવાનું
રમણીય અજવાળું હવે
સહન નથી થતું
નથી સહન થતું.
મમતાના વાદળની ચારેબાજુ ફરી રહી કોમળતા–
અંદર પીડા છે
અશક્ત અને અક્ષમ હવે થઈ ગયો છે આત્મા આ
તરફડતી છાતીને નસીબ ડરાવે છે
બહેલાવતી પંપાળતી આત્મીયતા સહન થતી નથી!

ખરેખર મને શિક્ષા કરો કે થઈ જાઉં
પાતાળના અંધારાની ગુફાઓમાં
ધુમાડાનાં વાદળોમાં
હું સાવ ગાયબ!
ગાયબ કે જ્યાં પણ તારો જ સહારો છે!
એટલા માટે કે જે કંઈ પણ મારું છે
કે મારું જે હોય તેવું લાગે છે, હોવાનો સંભવ છે
તે બધું તારા જ કારણે કર્યાનો વૈભવ છે
હમણાં સુધી તો જિંદગીમાં જે કંઈ હતું, જે કંઈ છે
સહર્ષ સ્વીકાર્યું છે
એટલા માટે કે જે કંઈ પણ મારું છે
તે તને ગમે છે.

■

# શ્રીકાન્ત વર્મા (હિન્દી)

‘મગધ’

અનુવાદ : જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ

# નાલંદા

હું તો તક્ષશિલા જઈ રહ્યો છું,
તમે
ક્યાં જઈ રહ્યા છો?

નાલંદા.
ના,
આ રસ્તો
નાલંદા નથી જતો,
ક્યારેક
જતો હતો નાલંદા,
હવે નહીં.

નાલંદાએ
પોતાનો
રસ્તો બદલી નાંખ્યો છે.
હવે આ
રસ્તે
નાલંદા નહીં
તક્ષશિલા
પહોંચશો તમે
ચાલવું છે, તક્ષશિલા?

નાલંદા જનાર મિત્રો!
મોટા ભાગે
આવું જ થાય છે,
ચીંધેલા
રસ્તાઓ
ત્યાં નથી જતા
જ્યાં
આપણે પહોંચવા ઇચ્છીએ છીએ–
જેમ કે–
નાલંદા.

■

## કવિતાની વર્ષગાંઠ

જે લખ્યું, વ્યર્થ હતું
જે નથી લખ્યું,
અનર્થ હતું.

■

## ત્રીજો રસ્તો

મગધમાં શોરબકોર છે કે મગધમાં શાસકો નથી રહ્યા
જે હતા
તે મદિરા, પ્રમાદ અને આળસને લીધે
એને લાયક
નથી રહ્યા
કે તેમને આપણે
મગધના શાસક કહી શકીએ
લગભગ આનો આ જ શોરબકોર છે
અવંતીમાં
એ જ કોશલમાં
એ જ
વિદર્ભમાં
કે શાસકો નથી
રહ્યા
જે હતા
તેમને મદિરા, પ્રમાદ અને આળસે
એને
લાયક નથી
રાખ્યા
કે આપણે તેમને શાસક કહી શકીએ
તો આપણે શું કરીએ?
શાસકો ના હોય

તો કાયદો નહિ રહે
કાયદો નહિ રહે
તો વ્યવસ્થા નહિ રહે
વ્યવસ્થા નહિ રહે
તો ધર્મ નહિ રહે
ધર્મ ના હોય
તો સમાજ નહિ રહે
સમાજ નહિ હોય
તો વ્યક્તિ નહિ હોય
વ્યક્તિ નહિ હોય
તો આપણે નહિ હોઈએ
આપણે શું કરીએ?
કાયદાનો ભંગ કરીએ?
ધર્મને છોડી દઈએ?
કે વ્યવસ્થાને તોડી નાંખીએ?
મિત્રો –
બે જ
રસ્તા છે :
અનીતિ પર ચાલીએ
નીતિની ચર્ચા
કાયમ રાખીએ
દુરાચરણ કરીએ
સદાચરણની ચર્ચા
ચાલુ રાખીએ

અસત્ય કહીએ
અસત્ય કરીએ
અસત્ય જીવીએ–
સત્ય માટે મરી ફીટવાની
પ્રતિજ્ઞા ના છોડીએ
છેવટે
પ્રાણ તો
બધાં જ ત્યજે છે
આપણે
વ્યર્થ માટે
પ્રાણ ના ત્યજીએ
મિત્રો,
ત્રીજો રસ્તો પણ
છે–
પરંતુ તે
મગધ,
અવંતી,
કોસલ,
કે
વિદર્ભ
થઈને પસાર
નથી થતો.

■